GJJN080011982025

**–:: દિ.પર.અરજી નં–૮૨/૨૦૨૫ ના આંક.૧ લગત હુકમ ::–**

સાંભળ્યા અરજી તથા રેકર્ડ વંચાણે લીધા.

(૧)....લે.રે.કેસનં.૧૭૭/૨૦૧૨ ના કામે હાલના અરજદારે સામાવાળાઓ તરફે જમા કરાવેલ એવોર્ડની રકમ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે. અરજદારની અરજીની હકીકત ટુંકમા જોતા અરજદારે લે.રે.કેસનં.૧૭૭/૨૦૧૨ ના કામે તા.૭/૧૧/૨૩ ના રોજ જજમેન્ટ તથા એવોર્ડ આપેલ હોય અને તે મુજબની રકમ સામાવાળાઓએ અત્રેની કોર્ટમા જમા કરાવેલ હોય જે રકમ તેઓને ચુકવી આપવા અરજ કરેલ છે.

વધુમાં, અરજદાર તરફે આંક–૩ થી પોતાની હાલની આ અરજી ને સર્મથન કરતું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે, આંક–૪ થી બાંહેધરી પત્ર રજૂ રાખી સદર વળતર ની રકમ ના. કોર્ટ જયારે અને જેટલી રકમ પરત કરવા જણાવે ત્યારે અને તેટલી રકમ ના.કોર્ટમાં પરત જમા કરાવીશું તેવી બાંહેધરી આપવામાં આવેલ છે.આંક–૫ થી સરનામાં પુરશીશ રજુ રાખેલ છે.

(૨)....અરજદારની હાલની પુરસીસ રજુ થતા આ કામના સામાવાળાઓને નોટીસ કરતા તથા રકમ બાબતે નાઝરશ્રીનો રીપોર્ટ મંગાવતો હુકમ કરતા તે હુકમ મુજબ આ કામે નાઝરશ્રીએ ''સિવિલ રજી સી. નં.૧૪૫, તા.૨૯–૩–૨૦૨૫ થી રૂ।.૪,૯૭,૭૨૯/– જમા છે તથા એફ.ડી.મા મુકયા છે'' તેવો શેરો કરેલ છે. જે ધ્યાને લેતા હાલના અરજદારને ચુકવી આપવા સામાવાળાઓએ એવોર્ડની રકમ જમા કરાવેલ હોવાનુ માનવાને રહે છે.

(૩)....સદર કામે સામાવાળાઓને નોટીસ કરતા જે નોટીસ સામવાળાઓને બજી જતા સામવાળા તરફે વિ.મદદનીશ સરકારી વકીલશ્રી હાજર થયેલ છે અને સામાવાળાઓ તરફે અરજદારની હાલની અરજી સામે આંક.૭ થી જવાબ રજુ કરી મહત્વની હકકીતે જણાવેલ છે કે, ના. કોર્ટ ના તા. ૦૭/૧૧/૨૦૨૩ ના ચુકાદા મુજબ સામાવાળાઓએ નામદાર કોર્ટમાં વાંધા સાથે વળતર જમા કરાવેલ છે. ના.કોર્ટના ચુકાદા સામે ગુજરાત સરકારશ્રી ના નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક

:NWRWSKD/1040/01/2025 તા.૧૮/૦૧/૨૦૨૫ તેમજ કાયદા વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : LD/KAF/e-file/12/2025/0207/K section તા.૧૩/૦૧/૨૦૨૫ના પત્ર થી નામદાર ગુજરાત હાઈકોર્ટ મા અપીલ દાખલ કરવા અંગે સરકારશ્રી દ્રારા નિર્ણય કરેલ છે.

ઉપરોકત ચુકાદા સામે તેઓ સામાવાળા તરફે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અપીલ દાખલ થવા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સરદાર પટેલ સહભાગી સિંચાઇ પેટા વિભાગ ન.૨૯, કેશોદની કચેરીના પત્ર ન પીબી– બી/સાબલી–કેનાલ/૧૭૩/૧૨ થી ૧૯૩ /૧૨ / અપીલ /૬૯ તા: ૧૦/૦૨/૨૦૨૫ થી હાઇકોર્ટ ખાતે ફાઇલ જમા કરાવવામાં આવેલ છે. **જે દરમ્યાન નામદાર હાઇકોર્ટ દ્વારા અગાઉના ચુકાદા (નીચલી કોર્ટના તા:૦૭/૧૧/૨૦૨૩) ના જજમેન્ટમાં ગાણીતીક ક્ષતિ હોવાનું જણાવેલ અને જે સુધારા કરી ફરી ફાઇલ સબમીટ કરવા સુચન કરેલ છે.** જે અન્વયે આપ નામદાર કોર્ટ સમક્ષ તા: ૨૮/૦૧/૨૦૨૫ અને તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ સી. પી. સી. કલમ ૧૫૨ મુજબ શેડયુલમાં સુધારો કરવા અંગે અરજી દાખલ કરેલ છે, જેમાં હજૂ કાર્યવાહી ચાલું છે. જે જરૂરી સુધારા અંગેની કાર્યવાહી નીચલી કોર્ટ દ્વારા પુર્ણ થયે જરૂરી સુધારા હુકમ મળ્યે નામ. હાઇ કોર્ટ ખાતે આ કેસ અંગેની ફરીથી ફાઇલ જમા કરવામાં આવશે. તથા ગુજરાત સરકારશ્રી ન.જ.સ.પા.પુ. અને ક.વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: NWRWSKD/૦૫૨૧/૦૨/૨૦૨૫, તા. ૧૦/૦૨/૨૦૨૫ની શરતોને આધિન નામ. ગુજરાત હાઇકોર્ટ તરફ થી આખરી હુકમ આવ્યે અને સરકારશ્રી ની પૂર્વ મંજૂરી મળ્યા બાદ સદર રકમ અરજદારોને ચુકવવામાં આવે તે વિનંતી. જેથી આપ નામદાર કોર્ટને રજુઆત કરવાની કે, સદરહુ મુળ લે.રે.કે.ન.૧૭૭/૨૦૧૨ ના કામે આપ નામદાર કોર્ટના એવોર્ડ મુજબ અમોએ (સરકારશ્રી) એ નામદાર અદાલતમાં વળતર મુજબની રકમ જમા કરાવેલ છે, તે એવોર્ડ મુજબ અરજદારોને ચુકવવામા આવે તો અમો (સરકારશ્રી) ને ઉકત વાંધો હોય,જે નામદાર અદાલતને ધ્યાને લેવા મુકીએ છીએ તેવી રજૂઆત કરેલ છે.

વધુમાં, સામાવાળા ના જવાબમાં મહત્વની હકીકતે જણાવેલ છે કે, **જે દરમ્યાન નામદાર હાઇકોર્ટ દ્વારા અગાઉના ચુકાદા (નીચલી કોર્ટના તા:૦૭/૧૧/૨૦૨૩) ના જજમેન્ટમાં ગાણીતીક ક્ષતિ હોવાનું જણાવેલ અને જે સુધારા કરી ફરી ફાઇલ સબમીટ કરવા સુચન કરેલ છે. આવા કોઇ સુચનો અત્રેની કોર્ટમાં રજુ રાખેલ નથી.**

વધુમાં, અરજદાર તરફે સામાવાળા ના જવાબ ના સમર્થનમાં આંક–૧૦ થી અરજી રજુ રાખેલ છે.

સામાવાળા તરફે પોતાના જવાબ સાથે સી.પી.સી. કલમ–૧૫૨ અન્વયે ની જે રજૂઆત હાલની અરજીમાં કરેલ છે અને તે અન્વયે ની અરજી પણ રજુ રાખેલ છે તેમા જણાવયા મુજબ

મૂળ અરજીમાં સુધારો કરવા અરજ કરેલ છે. જયારે કે દીવાની કાર્યરીતી ૧૯૦૮ ની કલમ–૧૫૨ ની જોગવાઈ વંચાણે ધ્યાને લેતા તેમા જણાવ્યા અનુસાર,

**કલમ–૧૫૨ :–ફેંસલા,હુકમનામા,અથવા હુકમમાં સુધારો કરવા બાબત :–**ફેંસલા, હુકમનામા, અથવા હુકમોમાંની કારકુની અથવા ગણિતની લગતી ભૂલો અથવા તેમાં કોઈ આકસ્મિક દોષ થી અથવા વર્જન થી થઈ હોય તે ચૂક ન્યાયાલય પોતાની મેળે અથવા કોઈપણ પક્ષકાર ની અરજી ઉપર થી કોઈપણ વખતે સુધારી શકશે.

ઉપરોકત હકીકતે સામાવાળા દ્રારા મૂળ અરજીમાં સુધારો કરવાની રજૂઆત, માંગણી કરેલ હોય જેથી ઉપરોકત જોગવાઈ ધ્યાને વંચાણે લેતા સામાવાળા ની દીવાની કાર્યરીતી ૧૯૦૮ ની કલમ–૧૫૨ અન્વયે અરજી નાંમજૂર કરવામાં આવે છે.

વધુમાં, નામદાર હાઈકોર્ટ દ્વારા અગાઉના ચુકાદા (નીચલી કોર્ટના તા:૦૭/૧૧/૨૦૨૩) ના જજમેન્ટમાં ગાણીતીક ક્ષતિ હોવાનું જણાવેલ અને જે સુધારા કરી ફરી ફાઇલ સબમીટ કરવા સુચન કરેલ છે. જે હકીકત અન્વયે સુચન કરેલ હોવા અંગે કોઇ દસ્તાવેજ રજુ કરવામાં આવેલ નથી.

વધુમાં અરજદાર તરફે તા.૬/૭/૨૦૨૬ ના રોજ આંક–૧૧ થી સામાવાળા ના આંક–૭ થી રજુ જવાબ ના વિરોધમાં લેખીત રજૂઆત કરેલ છે. જે ધ્યાને વંચાણે લીધેલ છે.

**(૪)....**અરજદાર દ્વારા રજુ કરવામાં આવેલ છે કે, અરજદારની મોજે અગતરાય, માણેકવાડા અને મઘરવાડા, તા. કેશોદ, જી. જુનાગઢની ખેતીની જમીન સાબલી સિંચાઈ યોજનાની કેનાલ બનાવવાના જાહેર હેતુ માટે સામાવાળા દ્વારા સંપાદન થવાથી, તેના એવોર્ડથી નારાજ થઈ તેઓએ જમીન સંપાદન ધારાની કલમ ૧૮ મુજબની રેફરન્સ અરજી કરેલ, જેના એલ.એ.આર.નં.૧૭૩/૧૨ થી ૧૯૩/૧૨. છે. સદર એલ.એ.આર.કેસમાં ના.કોર્ટે તા.૭/૧૧/૨૦૨૩ ના રોજ, અરજદારની તરફેણમાં જજમેન્ટ આપી, વધારાનું વળતર તથા કાયદા મુજબના લાભ, વ્યાજ સહીત ચુકવવા, સામાવાળાને હુકમ કરેલ છે અને તે જજમેન્ટ મુજબની વધારાના વળતરની રકમ સામાવાળાઓએ ના.કોર્ટમાં જમા કરાવેલ છે તે વળતરની કાયદેસરની લેણી રકમ ઉપાડવા, અરજદારે હાલની સી.એમ.એ. દાખલ કરેલ છે.

હાલની સી.એમ.એ.ના કામમાં સામાવાળાઓને નોટીસની બજવણી થયેલ છે અને તેઓએ ના.કોર્ટમાં હાજર થઈ જવાબ રજુ કરેલ છે કે સદર જજમેન્ટ સામે તેઓ ના.હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવાના છે માટે અરજદારને વળતરની રકમ ચુકવવી ન જોઈએ તેવી રજૂઆત કરેલ છે.

ના.કોર્ટે એલ.એ.આર.કેસનું જજમેન્ટ તા. ૭/૧૧/૨૦૨૩ના રોજ આપેલ છે અને

ત્યારથી સામાવાળાઓને નામ હાઈકોર્ટમાં અપીલ કરવા માટે નો, કાયદા મુજબનો ૯૦ દિવસનો પૂરતો સમય મળેલ છે. આ સમય દરમ્યાન સામાવાળાઓ નામ હાઈકોર્ટમાં અપીલ કરેલ નથી કે તેઓને નામ હાઈકોર્ટમાં દાખલ થયેલ અપીલની કોઈ નોટીસ પણ મળેલ નથી. હાલની સી.એમ.એ.ના અરજદાર એ એલ.એ.આર.કેસના જજમેન્ટનાં બેનીફીશીયર અને ડીક્રી હોલ્ડર છે અને તે જજમેન્ટ મુજબની વળતરની રકમ અરજદારને મળે તો જજમેન્ટનો અમલ થાય અને જજમેન્ટનો અમલ થાય તે હાલની કોર્ટે જોવાનું છે. માટે અરજદારને વળતરની રકમ ચુકવવા હુકમ કરવો જોઈએ. અરજદાર હુકમનામા ધારક છે તેઓ વળતરની પુરેપુરી રકમ મેળવવા હક્કદાર છે. અરજદારની જમીન વર્ષ ૨૦૦૬ માં સંપાદન થયેલ છે અને વર્ષ ૨૦૦૬ થી અરજદાર તે જમીનની ઉપજ નીપજ લઈ શકતા ન હોઈ તેઓને ઘણુ મોટુ આર્થિક નુકસાન સહન કરેલ છે. જ્યારે સામાવાળાઓએ અરજદારની સંપાદન થયેલ જમીનનો કબ્જો તો વર્ષ ૨૦૦૬ માં જ મેળવેલ છે અને તે જમીન પર કેનાલ પણ બની ગયેલ છે. તો સામાવાળાઓને કોઈ નુકસાન નથી. નુકસાન તો અરજદારને છે તેઓની જમીન સંપાદન થયે ૧૮ વર્ષ થયા, તેમની તરફેણમાં જજમેન્ટ આવ્યાને પણ ૨ વર્ષ થયા અને વળતર મેળવવાની અરજી દાખલ કર્યા ને પણ ૬ માસ થયેલ છે તેમ છતા તેને જજમેન્ટ મુજબનું વળતર મળેલ નથી. ના.કોર્ટના જજમેન્ટ મુજબનું વળતર તેઓને મળે તો જમીન સંપાદન ધારાની જોગવાઈઓનો હેતુ બર આવે તેમ છે. માટે સામાવાળાઓનો અપીલ કરવાની હોવાથી અરજદારને વળતરની રકમ ન ચુકવવાનો પાયાવિહોણો જવાબ રદ્દ કરી અરજદારોને વળતરની રકમ ચુકવવા યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

સામાવાળાઓએ તા.૭/૧૧/૨૦૨૩ ના રોજના, એલ.એ.આર.નં.૧૭૭/૧૨ ના જજમેન્ટ સામે આજદીન સુધી ના હાઈકોર્ટમાં કોઈ અપીલ દાખલ કરેલ નથી, કે અમોને કોઈ નોટીસ બજેલ નથી. કે ના.હાઈકોર્ટે વળતરની રકમ અરજદારને ન ચુકવવાનો કોઈ હુકમ કરેલ નથી, કે એલ.એ.આર.ના જજમેન્ટનો અમલ ન કરવો તેવો કોઈ સક્ષમ કોર્ટનો, કોઈ હુકમ સદર સી.એમ.એ.ના કામે રજુ કરેલ નથી. માટે અરજદારને જજમેન્ટ મુજબની વળતરની રકમ ન ચુકવવાને કોઈ કારણ નથી.

તેઓની અરજીના સમર્થનમાં અમો ના. ગુજરાત હાઈકોર્ટના સ્પે. સી. એ. નં. ૧૫૪૧૯/૨૦૨૪ ના કામે તા. ૨૯/૧૦/૨૦૨૪ ના રોજના હુકમ અન્વયે રજૂઆત કરેલ છે કે તે કેસમાં પણ આવોજ પ્રશ્ન હતો કે અરજદારની જમીન બગોદરા–વટામણ–તારાપુર–વાસદ રોડ માટે તા. ૧૫/૩/૨૦૧૨ ના રોજ એવોર્ડ કરી સંપાદન કરેલ. અરજદારની જમીનનો કબ્જો સામાવાળાઓએ વર્ષ ૨૦૦૯ માં મેળવેલ. અરજદારે વધુ વળતર માટે રેફરન્સ દાખલ કરેલ જેમાં ના.ખંભાત કોર્ટે વધારાનું વળતર વ્યાજ સહીત ચુકવવાનું જજમેન્ટ તા. ૧/૫/૨૦૨૩ ના રોજ આપેલ. તે મુજબ સામાવાળાએ ના.કોર્ટમાં વળતરની રકમ તા. ૬/૫/૨૦૨૪ ના રોજ

જમા કરાવી, તે જજમેન્ટ સામે ના.હાઈકોર્ટમાં અપીલ કરવાની હોવાથી, અરજદારને વળતરની રકમ ન ચુકવવી તેવો જવાબ તા.૧૨/૯/૨૦૨૪ ના રોજ આપેલ, અને સામાવાળાના જવાબને આધારે ના.કોર્ટે અરજદારની વળતર મેળવવાની પુરશીસને પેન્ડીંગ રાખી તા.૧૦/૭/૨૦૨૪ ના રોજની મુદ્દત આપેલ. તેની સામે અરજદારે ના.હાઈકોર્ટમાં સ્પે.સી.એ. દાખલ કરેલ જેમાં ના.હાઈકોર્ટની ડીવીઝન બેચે તા. ૨૯/૧૦/૨૦૨૪ ના રોજ હુકમ કરી જણાવેલ કે અરજદાર આ હુકમની નકલ સાથે નવેસરથી અરજી કરશે અને કોર્ટ તે અરજીનો કાયદા મુજબ જેમ બને તેમ ઝડપી નીકાલ કરશે. આમ ઉપરોક્ત કેસમાં અરજદારની જમીન વર્ષ ૨૦૦૯ માં સંપાદન કરેલ હતી તેવી જ રીતે અમારા કેસમાં અરજદારની જમીન વર્ષ ૨૦૦૬ માં સંપાદન કરેલ છે. ઉપરોક્ત કેસમાં ના.કોર્ટના જજમેન્ટ સામે સામાવાળાએ ૧ વર્ષ સુધી અપીલ દાખલ કરેલ ન હતી જ્યારે અમારા કેસમાં સામાવાળાઓએ ૨ વર્ષ સુધી અપીલ દાખલ કરેલ નથી. આમ ઉપરોક્ત કેસ અને અમારા કેસમાં ખુબજ સામ્યતા હોઈ અમો ના.હાઈકોર્ટના હુકમ ઉપર આધાર રાખીએ છીએ. સામાવાળા અપીલ કરવાના છે, તેવા કારણથી અરજદારને જજમેન્ટ મુજબની વળતરની રકમ થી વંચીત રાખી ન શકાય, અરજદારને ઝડપથી વળતરની રકમ ચુકવી આપવી જોઇએ. હાલની સી.એમ.એ. ના અરજદારની તરફેણમાં એલ.એ.આર.કેસનું જજમેન્ટ છે અને તે હુકમનામા ધારક છે. સામાવાળા હુકમનામાના દેણદાર છે, અને જજમેન્ટનો અમલ ન કરવાનો ના.હાઈકોર્ટનો કોઈ હુકમ નથી, માટે અરજદારને તેમની સંપાદન થયેલ જમીનના વળતરની રકમ ચુકવવામા આવે તો ન્યાયનો હેતુ બર આવે તેમ હોઈ ન્યાયના હીતમાં અરજદારને જજમેન્ટ તથા હુકમનામા મુજબની વળતરની રકમ ચુકવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૫)....ઉપરોકત તમામ ચર્ચા કરી તે અન્વયે સદર કામે અરજદાર તરફે માર્ક.૬/૧ થી લે. રે. કેસ નં.૧૭૭/૨૦૧૨ ના હુકમનામાની નકલ, માર્ક–૬/૨થી અરજદારના આધાર કાર્ડની નકલ રજુ રાખેલ છે. દસ્તાવેજી પુરાવા લીસ્ટ માં માર્ક–૬/૩થી અરજદારની બેંક પાસબુકની નકલ લખેલ છે પરંતુ આ કામે રજુ કરેલ નથી. જે ધ્યાને લેતા લે.રે.કેસનં.૧૭૭/૨૦૧૨ના કામે અરજદાર તરીકે ગીરીશકુમાર હીરાભાઈનું નામ હોવાનુ જણાઈ આવે છે અને તેનાથી વિરુધ્ધની કોઈ હકીકતો રેકર્ડ ઉપર આવેલ ન હોય તેઓ આ કામે નાઝરશ્રીના શેરા મુજબ લે. રે. કેસ નં. ૧૭૭ / ૨૦૧૨ ના કામે જમા થયેલ રકમ રૂ.૪,૯૭,૭૨૯/– (અંકે રુપિયા ચાર લાખ સત્તાણું હજાર સાતસો ઓગણત્રીસ પુરા) મેળવવા હકકદાર બનતા હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુ ક મ ::**

**(૧)....**સદર કામના હાલના અરજદાર ગીરીશકુમાર હીરાભાઈ નાઓને લે. રે. કેસ નં. ૧૭૭/૨૦૧૨ ના કામે સામાવાળાઓએ જમા કરાવેલ રકમ રૂા.૪,૯૭,૭૨૯/- (અંકે રુપિયા ચાર લાખ સત્તાણું હજાર સાતસો ઓગણત્રીસ પુરા) નાઝર શ્રીએ ઓળખની ખરાઈ કરી, અરજદારને ચુકવી આપવા. સદર રકમ એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવી આપવી.

વધુમાં હુકમ કરૂ છું કે સામાવાળાઓએ જમા કરાવેલ રકમની એફ. ડી. કરવામાં આવેલ છે તો ઉપરોકત અરજદારને તેના વ્યાજ સહિતની જે રકમ જમા થયેલ હોય તે રકમ એફ.ડી વટાવી ચુકવી આપવી અને નાઝરશ્રીએ અરજદારને સદર રકમ ચુકવી આપી અત્રેની કોર્ટમા રીપોર્ટ કરવો.

વધુમાં હુકમ કરવામાં આવે છે કે સદર રકમ બાબતે ભવિષ્યમાં કોઈ હકક હિસ્સો કરતું આવશે તો અરજદારે સદર રકમ અત્રેની કોર્ટના હુકમથી કોર્ટમાં પરત જમા કરાવવાની રહેશે તે શરતે અરજદારને સદર રકમ ચુકવવામાં આવે છે અને અરજદારે ભવિષ્યમા રકમ જમા કરાવવા બોહેધરી ખત તથા બોન્ડ અત્રેની કોર્ટમા પરત રકમ ચુકવવા રજુ કરવા જે રજુ કર્યા બાદ વળતરની રકમ નાઝરશ્રીએ અરજદારને ચુકવી આપવી.

હુકમ આજ રોજ તા.: ૨૭ મી, માહે: જુલાઈ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૭-૦૭-૨૦૨૬
સ્થળ- કેશોદ

**(તરૂણ મોહનદાસ શ્રીમાળી)**
એડિશ્નલ સિનિયર સિવિલ જજ,કેશોદ
(કોડ જી.જે.૦૧૩૦૬)